# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 12-05-2025 Day: Monday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સંબોધન:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે રાત્રે 8 વાગ્યે રાષ્ટ્રને સંબોધિત કરશે. શ્રી મોદીનું આ સંબોધન પહેલગામ આતંકવાદી હુમલા પછી ભારતના ઓપરેશન સિંદૂર પછી થઈ રહ્યું છે. પહેલગામ આતંકવાદી હુમલામાં 25 ભારતીયો અને એક નેપાળી નાગરિક માર્યા ગયા હતા. બદલામાં, ભારતે પાકિસ્તાનમાં અનેક આતંકવાદી અને લશ્કરી ઠેકાણાઓનો નાશ કર્યો અને 100 થી વધુ આતંકવાદીઓને મારી નાખ્યા.

આ પહેલા આજે બપોરે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીમાં એક ઉચ્ચ સ્તરીય બેઠકની અધ્યક્ષતા કરી. કેન્દ્રીય સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ, વિદેશ પ્રધાન એસ. જયશંકર, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ, ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણ, ત્રણેય સશસ્ત્ર દળોના વડાઓ અને અનેક વરિષ્ઠ અધિકારીઓએ આ બેઠકમાં હાજરી આપી હતી.

-----------------------------------------------------------------------------------------

## રક્ષા-પ્રેસ કોન્ફરન્સ:

ડાયરેક્ટર જનરલ એર ઓપરેશન્સ એર માર્શલ એ.કે. ભારતીએ કહ્યું છે કે ભારતની લડાઈ આતંકવાદીઓ અને તેમના સમર્થક માળખા સામે છે, પાકિસ્તાની સેના સામે નહીં. તેમણે કહ્યું કે તે દુર્ભાગ્યપૂર્ણ છે કે પાકિસ્તાની સેનાએ દખલ કરી અને આતંકવાદીઓનો પક્ષ લીધો, જેના કારણે ભારતીય સશસ્ત્ર દળોએ તેનો યોગ્ય જવાબ આપવો પડ્યો. ઓપરેશન સિંદૂર અંગે દિલ્હીમાં એક પ્રેસ કોન્ફરન્સમાં બોલતા, એર માર્શલ ભારતીએ કહ્યું કે કેવી રીતે ઓપરેશન સિંદૂર દરમિયાન સેનાએ નાગરિક અને લશ્કરી માળખાને ઓછામાં ઓછું નુકસાન પહોંચાડ્યું.

ગયા અઠવાડિયે દુશ્મનના ખતરાનો સામનો કરવામાં મળેલા પરિણામો અંગે એર માર્શલ ભારતીએ જણાવ્યું હતું કે પાકિસ્તાનની ચીની મૂળની PL-15 મિસાઇલ લક્ષ્ય ચૂકી ગઈ અને લોઇટર મ્યુનિશન અને માનવરહિત હવાઈ પ્રણાલીનો નાશ કરવામાં આવ્યો. ભારતની હવાઈ સંરક્ષણ પ્રણાલીઓએ દુશ્મનના ડ્રોન, ફાઇટર જેટ અને મિસાઇલોને નિષ્ક્રિય કર્યા. આનાથી દેશને ઓછામાં ઓછું નુકસાન થયું. ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશન્સ લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘાઈએ જણાવ્યું હતું કે ભારતીય સશસ્ત્ર દળો આ માટે સંપૂર્ણપણે તૈયાર છે. તેમણે કહ્યું કે પાકિસ્તાન પાસે ભારતના હવાઈ સંરક્ષણ ક્ષેત્રમાં પ્રવેશવાની કોઈ શક્યતા નથી.

ડીજીએમઓએ ઓપરેશનમાં સહકાર આપવા બદલ બોર્ડર સિક્યુરિટી ફોર્સ-બીએસએફની પ્રશંસા કરી. તેમણે કહ્યું કે ઓપરેશન સિંદૂર દરમિયાન ત્રણેય દળો વચ્ચે સંપૂર્ણ સંકલન હતું.

ડાયરેક્ટર જનરલ નેવલ ઓપરેશન્સ વાઇસ એડમિરલ એએન પ્રમોદે જણાવ્યું હતું કે નૌકાદળ એક સર્વાંગી નેટવર્ક્ડ ફોર્સ તરીકે કાર્ય કરે છે જે તમામ ક્ષેત્રોમાંથી ઉદ્ભવતા જોખમોનો એકસાથે સામનો કરવા સક્ષમ છે.

---------------------------------------------------------------------------------------

## હવાઈ મથક શરૂ:

ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ બાદ નાગરિક વિમાન સંચાલન માટે અસ્થાયી રૂપે બંધ કરાયેલા 32 હવાઈમથક તાત્કાલિક અસરથી ફરી શરૂ કરવામાં આવ્યા છે. અગાઉ આ હવાઈ મથકો આ મહિનાની 15 તારીખ સુધી નાગરિક વિમાન સંચાલન માટે બંધ હતા. એક નિવેદનમાં, ભારતીય હવાઈમથક સત્તામંડળે મુસાફરોને એરલાઇન્સ સાથે ફ્લાઇટ સ્ટેટસ તપાસવા અને નિયમિત અપડેટ્સ માટે એરલાઇન્સની વેબસાઇટ્સનું નિરીક્ષણ કરવાની ભલામણ કરી છે.

---------------------------------------------------------------------------------------

## 14 વ્યક્તિ સામે કાર્યવાહી:

ભારત-પાકિસ્તાન વચ્ચે તણાવપૂર્ણ વાતાવરણ વચ્ચે ભારતીય સૈન્ય દ્વારા શરૂ કરાયેલા ઓપરેશન સિંદૂર દરમિયાન સોશિયલ મીડિયા પર રાષ્ટ્રવિરોધી, નકારાત્મક અને સૈન્યનું મનોબળ તોડનારી પોસ્ટ કરનાર ૧૪ વ્યક્તિઓ સામે ગુજરાત પોલીસે ગુનો નોંધી કડક કાર્યવાહી હાથ ધરી છે. જેમાં ખેડા જિલ્લામાં 2, કચ્છમાં 2 FIR ઉપરાંત જામનગર, જુનાગઢ, વાપી, બનાસકાંઠા, આણંદ, અમદાવાદ, સુરત શહેર, વડોદરા, પાટણ અને ગોધરા જિલ્લામાં એક-એક મળી કુલ 14 FIR દાખલ કરી કડક કાર્યવાહી કરવામાં આવી છે.

---

## આહિર લગ્નો:

ભારત-પાકિસ્તાનની તંગદિલી વચ્ચે કચ્છના સરહદી વિસ્તારના ગામોમાં 400થી વધુ લગ્ન યોજાયાં હતાં, બ્લેકઆઉટની ચિંતા વચ્ચે મોડી સાંજે નીકળતી જાનો બપોર બાદ સમયસર રવાના થઈ જવા પામી હતી, જેમાં મોટાભાગની વિધિ જાન અને માંડવા પક્ષ દ્વારા વહેલાસર જ પતાવી દેવામાં આવી હતી. સાંપ્રત સ્થિતિ વચ્ચે , સમાજમાં પહેલાંથી જ લગ્ન પ્રસંગમાં કોઈ ઝગમગાટ કે હેવી લાઈટો લગાવવામાં આવી ન હતી અને સંપૂર્ણ સાદગીપૂર્ણ રીતે લગ્નપ્રસંગ યોજાયો હતા.

---

## હવામાન-આગાહી:

ગુજરાતમાં વરસાદ બાદ ઉકળાટની સ્થિતિ સર્જાઈ છે. ત્યારે હવામાન વિભાગે રાજ્યમાં હજુ પણ વરસાદ, ભારે પવન અને ગરમીની આગાહી કરી છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં ત્રણ દિવસ માટે વરસાદની અસર વધુ રહેશે. હવામાન વિભાગ દ્વારા એવી પણ આગાહી કરવામાં આવી છે કે, આગામી સાત દિવસમાં તાપમાનમાં ત્રણથી પાંચ ડિગ્રી વધારો થશે. આજે ગરમી અને બફારાના વાતાવરણ વચ્ચે જિલ્લામાં ક્યાંય પણ વરસાદ પડ્યાના અહેવાલ નથી.

---

# વિરાટ કોહલી નિવૃતિ:

વિરાટ કોહલીએ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે, આ સાથે ટેસ્ટ ક્રિકેટમાં તેમની ૧૪ વર્ષની શાનદાર સફરનો અંત આવ્યો છે.કોહલીએ સોશિયલ મીડિયા દ્વારા નિવૃત્તિની જાહેરાત કરી હતી..

ટેસ્ટ ક્રિકેટની ૧૨૩ મેચોમાં વિરાટ કોહીએ ૪૬.૮૫ ની સરેરાશથી નવ હજાર ૨૩૦ રન બનાવ્યા છે. પોતાની ૧૪ વર્ષની ટેસ્ટ કારકિર્દીમાં, કોહલી સચિન તેંડુલકર, રાહુલ દ્રવિડ અને સુનીલ ગાવસ્કર પછી ભારત માટે ચોથા ક્રમે સૌથી વધુ રન બનાવનાર ખેલાડી બન્યા છે.

---